# એડીશનલ સિવીલ કોર્ટ ઈડર, સાબરકાંઠા – મુ. ઈડર

**રે.દિવાની મુકદમા નંબર : ૨૨/૨૦૨૩**

વાદી : ૧) **પરમાર મંગુબેન ઉર્ફે મંજુલાબેન જેઠાભાઈ તે માનાભાઈ ની પત્ની,** ઉ.વ.આ.૭૦

૨) **પરમાર રેખાબેન વજાભાઈ તે કિર્તીભાઈની પત્ની,** ઉ.વ.આ.૪૨
ધંધો–ખેતી તથા ઘરકામ, બન્ને રહે.વાંસડોલ, તા.ઈડર, જી.સાબરકાંઠા.

// વિરૂધ્ધ //

પ્રતિવાદી : ૧) **પરમાર પ્રાગજીભાઈ મેઠાભાઈ,** ઉ.વ.આ.૬૫

૨) **પરમાર માણેકબેન વિરચંદભાઈ,** ઉ.વ.આ.૭૦

૩) **પરમાર ધર્મીષ્ઠાબેન પ્રાગજીભાઈ,** ઉ.વ.આ. ૪૦

૪) **પરમાર દિલીપભાઈ વિરચંદભાઈ,** ઉ.વ.આ.૪૫

૫) **પરમાર મહેશભાઈ વિરચંદભાઈ,** ઉ.વ.આ.૪૦

૬) **પરમાર હિતેષકુમાર પ્રાગજીભાઈ,** ઉ.વ.આ.૨૬

૭) **પરમાર મહેશકુમાર પ્રાગજીભાઈ,** ઉ.વ.આ.૨૦

૮) **પરમાર શર્મીષ્ઠાબેન પ્રાગજીભાઈ,** ઉ.વ.આ.૩૮

૯) **પરમાર ભગવતીબેન પ્રાગજીભાઈ,** ઉ.વ.આ.૩૫

૧૦) **પરમાર રોહીણીબેન પ્રાગજીભાઈ,** ઉ.વ.આ.૩૦

૧૧) **પરમાર આશાબેન પ્રાગજીભાઈ,** ઉ.વ.આ.૨૮
બધા ધંધો–ખેતી તથા ઘરકામ,
બધા રહે. વાંસડોલ, તા.ઈડર, જી.સાબરકાંઠા.

---

**વાદી તરફે** :– વિ.વ.શ્રી એન.એ.બલોસપુરા

**પ્રતિવાદીઓ તરફે** :– વિ.વ.શ્રી એચ.પી.મકવાણા,જે.એ.મંસુરી

---

**આંક–૫ ની કામચલાઉ મનાઈ હુકમની અરજી લગત હુકમ**

---

(૧).. વાદીની અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, મોજે વાંસડોલ, તા.ઈડરના ખાતા નં.૧૫૪ કે જેનો સર્વે નં.૧૨૬ કે જેનો જુનો સર્વે નં.૨૭૪ અને ત્યારબાદ બ્લોક નં.૨૨૧ જેનુ હાલનુ કુલ ક્ષેત્રફળ ૦–૭૫–૧૧ હે.આ.ચો.મી. ખેતીલાયક જમીન ની હકીકત જોવામાં આવે તો તેવી જમીન વાંસડોલ ના રહીશ નામે મેઠા વેચાત ના નામે આવેલ હતી અને તેવી ખેતીલાયક જમીન તા. ૧૭/૪/૧૯૬૦ ના કરાર થી રૂા.૦૧/– ના સ્ટેમ્પ પેપર ઉપર વાદીઓના દાદા સસરા નામે ભાંભી શકરા કોદર તથા શુટ દલા શકરા ને લખી આપેલ હતી અને કરાર માં લખેલ હતુ કે સદર જમીન રૂા.૪૦૦/– માં આશરે ૮ વર્ષ અગાઉ રોકડા પુરા લઈ અબ્રામ નંદાવે વેચાણ આપેલ છે અને તેવી સર્વે નં.૨૭૪ ની ૧ એકર ૩૬ ગુંઠા જમીન વેચાણ આપેલ અને તે હકીકતે જોવામાં આવે તો સને–૧૯૫૨ માં ઉપરોકત વિગતવાળી ખેતીલાયક જમીન વેચાણ આપેલ ત્યારથી તેનો કબજો ભોગવટો વાદીઓના વડીલો ને આપી દીધેલ હતો અને ત્યારથી આજદિન સુધી સદર ખેતીલાયક જમીન વાદીઓ ના સંયુકત કબજા ભોગવટામાં આવેલ છે. વધુમાં, વાદીઓના વડીલ ભાંભી(પરમાર) શકરાભાઈ કોદરભાઈ કે જેઓનુ તા.૫/૦૬/૨૦૨૨ ના રોજ મરણ થયેલ છે અને તેમના વારસદારોની વિગત જોવામાં આવે તો તેઓને કુલ ૬ વારસદારો હતા. જે વારસદારોની વિગતો ધ્યાને લેવામાં આવે છે. વધુમાં, વારસદારોની વિગતે પૈકીથી જોવામાં આવે તો હાલના દલપતભાઈ શકરાભાઈ ગુજરતા તેઓના વારસો તેમજ મોનાભાઈ શકરાભાઈ ના વારસો તેમજ શકરાભાઈ કોદરભાઈ ના પુત્ર ગુલાબચંદ શકરાભાઈ તેટલા વારસો હાલ હયાત છે અને તે રીતે વાદીઓની હકીકત જોવામાં આવે તો બન્ને વાદીઓ શકરાભાઈ કોદરભાઈ ની પુત્ર વધુઓ છીએ અને તે રીતે વાદી નં.૧ મંગુબેન ઉર્ફે મંજુલાબેન જેઠાભાઈ તે માનાભાઈ ની પત્ની છીએ અને વાદી નં.૨ પરમાર રેખાબેન વજાભાઈ તે કીર્તીભાઈ ની પત્ની છીએ અને તે રીતે કૌટુંબીક સમજુતી મુજબ ખેતીલાયક જમીન નો વેચાણ દસ્તાવેજ વાદીઓના નામે કરી લેવા માટે નકકી થતાં અને તે બાબતે શકરાભાઈ કોદરભાઈ ના હયાત વારસદારોએ મૌખિક સંમતિ તથા સહમતી આપેલ હોઈ અને તે સંદર્ભે હાલના રેવન્યુ રેકર્ડ ના એટલે કે, ૭/૧૨ ઉપર ના ખાતેદારોએ એટલે કે પરમાર પ્રાગજીભાઈ મેઠાભાઈ, પરમાર માણેકબેન વિરચંદભાઈ, પરમાર ઘર્મીષ્ઠાબેન પ્રાગજીભાઈ, પરમાર દિલીપભાઈ વિરચંદભાઈ અને પરમાર મહેશભાઈ વિરચંદભાઈ નાઓએ તા.૮/૬/૨૦૨૨ ના રોજ નોટરી રૂબરૂ સીરીયલ નં.૫૪૯૮ થી સમજુતી કરાર બનાવી

આપેલ છે અને કરારમાં લખાવી લેનાર તરીકે બન્ને વાદીઓના નામો લખવામાં આવેલ છે અને તે કરાર સાક્ષીઓ રૂબરૂ કરવામાં આવેલ છે અને જે કરારની હકીકત જોવામાં આવે તો લખવામાં આવેલ છે કે અમો લખી આપનાર ઉપરોકત સરનામેં કાયમી રહીએ છીએ અને મોજે વાંસડોલ ગામે ખાતા નં.૧૫૪ સર્વે નં.૧૨૬ જેનુ કુલ ક્ષેત્રફળ ૦–૭૫–૧૧ હે.આ.ચો.મી.થી ખેતીની જમીન ધારણ કરીએ છીએ. જે અમારા નામે ચાલે છે આ જમીન લખી આપનારે અગાઉ ૬૦ વર્ષ અગાઉ જે તે સમયે જે ચલણમાં રકમ હતી તેમાં રૂા. ૪૦૦/– થી વેચાણ કરારે આપેલ હતી અને વધુમાં જણાવેલ છે કે, અમારા સબંધો સારા હોવાથી અમો લખાવી લેનાર આ જમીન નો રેવન્યુ રેકર્ડે દસ્તાવેજ કરી શકેલ નથી હવે આ સમજુતીથી કરારથી આ જમીન અમો લખી આપનાર હવે આ જમીન લખી લેનારને વેચાણ આપેલ છે અને વધુમાં જણાવેલ કે, લખી લેનારે આશરે ૩ વર્ષની અંદર રજીસ્ટર્ડ દસ્તાવેજ કરી લેવાનો રહેશે અને તે બાબતે અમો કોઈ ભવિષ્યમાં વાંધો તકરાર ઉઠાવીશુ નહી અને જો ભવિષ્યમાં સરકારશ્રી તરફથી કોઈ વળતર ચુકવાય તો તેવી રકમ કરારના પક્ષકારોએ અડધી અડધી રકમ લેવાની રહેશે. આમ તે રીતે કરાર થયેલ અને તે બાબતે વાદીઓ અમારા નામે વેચાણ દસ્તાવેજ કરવાનુ જણાવીએ છીએ તો કરાર કરી આપનાર પક્ષકારો એટલે કે પ્રતિવાદી ઓ અમોને દસ્તાવેજ કરી આપવા માટે આના કાની કરી રહેલ છે અને તે રીતે હાલના પ્રતિવાદી ઓ કરારનો અમલ કરતા ન હોઈ તેવા કરાર પાલન માટે હાલની આ મનાઈ અરજી દાખલ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે.

(૧.૨) વધુમાં તેઓની અરજીમાં જણાવેલ છે કે, જુનો સર્વે નં.૨૭૪ જેનો બ્લોક નં.૨૨૧ બનેલ અને હાલનો નવીન સર્વે નં.૧૨૬ છે તેના મેન્યુઅલી ૭/૧૨ ઉપર ની હકીકત જોવામાં આવે તો ખેડુત ના નામમાં વાદીઓના દાદા સસરાનુ નામ જણાવવામાં આવેલ છે અને તેઓ તેવી જમીનમાં સ્વતંત્ર રીતે ખેતીકામ કરતા હતા અને હાલમાં વારસાઈ હકકે વાદીઓ સંયુકત રીતે ખેતીકામ કરીએ છીએ. કબજા ભોગવટા બાતે શકરાભાઈ કોદરભાઈના વારસો વચ્ચે કોઈ તકરાર નથી પરંતુ ખેડુત ખાતેદારનો બાધ ન નડે તે માટે શકરાભાઈ કોદરભાઈ ના હાલના હયાત વારસદારોની સહમતી અને સમજુતી મુજબ ખેતીલાયક જમીન નો દસ્તાવેજ વાદીઓના નામે બનાવવાનુ નકકી થયેલ છે અને તે નકકી થતાં વાદીઓએ સદર પ્રતિવાદીઓને વાત કરતાં પ્રતિવાદીઓ સહમત થયેલા પરંતુ પ્રતિવાદીઓએ વેચાણ દસ્તાવેજ કરી આપવાના

બદલે તા.૮/૬/૨૦૨૨ ના રોજ સમજુતી કરાર કરી આપેલ અને લખાણ કરી નોટરાઈઝડ કરાર બનાવેલો અને પ્રતિવાદીઓએ દસ્તાવેજ કરી આપવાનો કરાર કરી આપેલ હોવા છતા હાલનાં વાદીઓ જણાવીએ છીએ તો પણ દસ્તાવેજ કરી આપતા નથી તેથી વેચાણ દસ્તાવેજ કરી આપે તે માટે તેમજ વાદીઓના કબજા ભોગવટામાં કોઈ હસ્તક્ષેપ કરે કરાવે નહી તે માટે હાલની આ મનાઈ અરજી દાખલ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે. વધુમાં, ખેતીલાયક જમીનની હકીકત જોવામાં આવે તો તા.૧૭/૬/૧૯૬૦ ના કરાર મુજબ સને–૧૯૫૨ થી વાદીઓ તરફે સળંગ કબજો ભોગવટો આવેલ છે અને વાદીઓના વડીલ ખેતીકામ કરતા હતા તે સંદર્ભે ગામના નમુના નં.૧૨ ની વિગતે તેઓનુ નામ લખવામાં આવેલ છે. પરંતુ, સદર કામના પ્રતિવાદીઓને દસ્તાવેજ બનાવી આપવાનુ કહેવા છતાં પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓ એન કેન બહાનાઓ બતાવી દસ્તાવેજ કરી આપતા નથી તેથી વાદીઓને એવી દહેશત છે કે, રેવન્યુ રેકર્ડે પ્રતિવાદીઓ નુ નામ ચાલતુ હોઈ તેવી તક નો લાભ ઉઠાવી ખેતીલાયક જમીન વેચાણ, બક્ષીસ, ગીરો કરી દે તેવી દહેશત હોઈ તેથી વાદીઓની કબજા ભોગવટા વાળી વેચાણ રાખેલ ખેતીલાયક જમીન છીનવાઈ ન જાય તેથી સદર કામની અરજી કરેલ છે. વધુમાં, તા.૮/૬/૨૨ ના કરારની વિગતે જોવામાં આવે તો તેવા કરારમાં લખી આપનાર તરીકે પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓએ સમજુતી કરાર બનાવી આપેલ છે અને સદર પ્રતિવાદી નં.૬ થી ૧૨ નાઓ પરમાર પ્રાગજીભાઈ મેઠાભાઈ એટલે કે પ્રતિવાદી નં.૧ ના વારસદારો છે અને તે હકકે સદર કામના પ્રતિવાદી નં.૬ થી ૧૨ નાઓ પણ તેઓના પિતાએ કરેલ કરારનુ પાલન કરવા બંધાયેલ છે. વધુમાં, નવીન રીસર્વે નં.૧૨૬ ની ચતુસીમાઓ નીચે મુજબ છે.

**પુર્વે** :– ભાંભી નાથાભાઈ લાલાભાઈના વારસોની ખેતીલાયક જમીન આવેલી છે.

**પશ્ચિમે** :– સુરેશભાઈ કોદરભાઈ પટેલનુ ખેતર આવેલ છે.

**ઉત્તરે** :– રાઠોડ મોતીજી ગુલાબજીના વારસોની ખેતીની જમીન આવેલી છે.

**દક્ષિણે** :– નાથા અવસરના વારસોની ખેતીલાયક જમીન આવેલી છે.

વધુમાં જણાવે છે કે, વાદીઓના સંયુકત કબજા ભોગવટામાં આવેલ ખેતીલાયક જમીન બાજુના સર્વે નંબરની પિયર થાય છે અને અમોએ પિયત માટે કરવાની થતી વ્યવસ્થા પણ કરેલ હોવાનુ જણાવે છે અને દાદમાં જણાવેલ છે કે–

સદરહું ખેતીલાયક જમીન સદર કામના પ્રતિવાદીઓ દાવાના આખરી નિર્ણય સુધી કોઈ અન્ય ઈસમ કે સંસ્થાને વેચાણ, બક્ષીસ, ગીરો કે કોઈ અન્ય રીતે તબદીલ કરે કરાવે નહી તેમજ દાવાના આખરી નિર્ણય સુધી સદર કામના પ્રતિવાદીઓ તેવી ખેતીલાયક જમીન ઉપર કોઈ બોજો ઉત્પન્ન કરે કરાવે નહી તેમજ વાદીઓના સંયુકત કબજા ભોગવટામાં કોઈ અંતરાય કે અવરોધ ઉભો કરે કરાવે નહી તેવો વાદીઓના લાભમાં કામચલાઉ મનાઈ હુકમ ફરમાવવાનુ જણાવેલ છે.

(૨) આ કામે પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓને દાવા સમન્સ ની બજવણી થતાં પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓ તેમના વિ.વ.શ્રી મારફત હાજર થયેલ છે અને આંક–૧૪ થી વાદીઓની આંક–૫ અરજી નો જવાબ રજુ કરેલ છે. જેમાં મુખ્યત્વે અરજીમાં જણાવેલ પેરા વાઈસ મુજબની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને પ્રતિવાદી નં.૧ થી ૫ સામે વાદીઓને આવી કોઈ અરજી કરવાની અધિકાર નથી તેમજ અરજી સાચી નથી અને રદ થવા પાત્ર થવાનુ જણાવેલ છે અને ખરી હકીકતે જણાવે છે કે, મોજે વાંસડોલ, તા.ઈડર ની સીમ ના સર્વે નં.૨૭૪ કે જેનો એકત્રીકરણ પછીનો સર્વે/ બ્લોક નં.૨૨૧ કે જેનો હાલનો રી–સર્વે પછીનો સર્વે/બ્લોક નં.૧૨૬ ની ૦–૭૫–૧૧ હે.આરે.ચો.મી. ખેતીલાયક જમીન કે જે માલિકી હકક ના કબજા આધારે ની તા.૧૨/૨/૫૬ ના રોજ ની નોંધ નં.૫૩ થી પ્રતિવાદી નં.૧ થી ૫ ના વડીલ ભાંભી મેઠાભાઈ વેચાતભાઈ નાઓનુ નામ દાખલ કરવામાં આવેલ અને ત્યારથી તેમાં કુલ સ્વતંત્ર માલિકી હકકે પ્રત્યક્ષ કબજો ભોગવટો ધરાવી ખેતી કરી ઉપજ લેતા આવેલ અને ત્યારબાદ પ્રતિવાદી નં.૧ થી ૫ વડીલ ભાંભી મેઠાભાઈ વેચાતભાઈ નાઓનું તા.૭/૪/૧૯૭૯ ના રોજ અવસાન થતાં તેઓની વારસાઈ કરાવવા સારૂ ગામ રેકર્ડે તા.૧૦/૧/૮૨ ના રોજ વારસાઈ હકકની નોંધ નં.૬૪૫ થી તેઓના સીધીલીટી ના વારસદારો તરીકે પ્રતિવાદી નં.૧ તથા અમારા માતૃશ્રી કંકુબેન તથા અમારા ભાઈ વિરચંદભાઈ તથા અમારી બહેન અળખીબેન અને શાંતાબેન નાઓનું નામ સીધીલીટી ના વારસદાર તરીકે દાખલ કરવામાં આવેલ તેમજ પ્રતિવાદી નં.૧ ના માતૃશ્રી કંકુબેન તથા અમારી બહેન અળખીબેન તથા શાંતાબેન નાઓએ તેઓનો હકક સ્વેચ્છાએ જતો કરેલ હોઈ ગામ રેકર્ડે તા.૧૦/૧/૮૨ ના રોજ હકક કમી કરવા બાબતેની નોંધ નં.૬૪૬ થી તેઓના નામ કમી કરવામાં આવેલ અને ત્યારથી પ્રતિવાદી નં.૧ તથા અમારા ભાઈ વિરચંદભાઈ નાઓ વડીલો પાર્જીત મિલકત ની રૂઈએ સંયુકત કબજો ભોગવટો ધરાવી ખેતી કરી

ઉપજ લેતા આવેલા અને ત્યારબાદ પ્રતિવાદી નં.૧ ના ભાઈ વિરચંદભાઈ નાઓએ વખતો વખત સદરહુ ખેતીલાયક જમીન ઉપર ધિરાણ મેળવેલ અને પ્રતિવાદી નં.૧ ના પિતાશ્રીએ પણ તેઓની હયાતી દરમ્યાન વખતો વખત ધિરાણ મેળવેલ અને પ્રતિવાદી નં.૧ ના પિતાશ્રી હયાત રહયા ત્યાં સુધી તેઓ ખેતી કરી ઉપજ લેતા આવેલા અને તેઓના અવસાન બાદ પ્રતિવાદી નં.૧ તથા અમારા ભાઈ સદરહું ખેતીલાયક જમીનમાં ખેતી કરી ઉપજ લેતા આવેલા અને લઈએ છીએ. વધુમાં, પ્રતિવાદી નં.૧ ના ભાઈ અને પ્રતિવાદી નં.૨ ના પતિ અને પ્રતિવાદી નં.૩ થી ૫ ના પિતા સ્વ. વિરચંદભાઈ મેઠાભાઈ પરમાર નાઓએ તેઓની હયાતી દરમ્યાન પ્રતિવાદી નં.૨,૪ અને ૫ નાઓનું નામ તા.૧૬/૫/૧૩ ના રોજની હયાતીમાં હકક દાખલની નોંધ નં.૧૮૬૭ થી પ્રતિવાદી નં.૨,૪ અને ૫ ના નામ હયાતીમાં દાખલ કરાવેલ અને ત્યારબાદ પ્રતિવાદી નં.૪ નાઓએ પણ સદરહુ જમીન ફળદ્રુપ બનાવવા અને ખેતી કરવા સારૂ ધિરાણ મેળવેલ તેમજ પ્રતિવાદી નં.૧ નાઓ પણ સદરહું જમીન ઉપર આધુનિક ઢબે ખેતી કરવા તથા જમીનને ફળદ્રુપ બનાવવા સારૂ ધિરાણ મેળવેલ અને પ્રતિવાદી નં.૧ થી ૫ તથા તેઓના વડીલોએ સદર જમીન ફળદ્રુપ બનાવવા માટે ઘણી જ મહેનત તથા ખુબ જ મોટો ખર્ચ કરેલ છે. પ્રતિવાદી નં.૧ નાઓએ અમારા સીધીલીટીના વારસો તે પ્રતિવાદી નં.૩ અને પ્રતિવાદી નં.૬ થી ૧૧ ના નામો અમારી હયાતીમાં દાખલ કરાવવા સારૂ ગામ રેકર્ડે તા.૧૪/૦૬/૨૦૧૩ ના રોજ હયાતીમાં હકક દાખલની નોંધ નં.૨૨૬૫ ની દાખલ કરાવેલ અને ત્યારથી પ્રતિવાદી નં.૬ થી ૧૧ નાઓ સદરહું ખેતીલાયક જમીનમાં સહમાલિકો તરીકે પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓ સાથે ખેતી કરી ઉપજ લેતાં આવેલા છે. પ્રતિવાદી નં.૨ ના પતિ અને પ્રતિવાદી નં.૪,૫ ના પિતા ભાંભી વિરચંદભાઈ મેઠાભાઈનાઓનો તા.૧૦/૫/૨૧ ના રોજ અવસાન થતા પ્રતિવાદી નં.૨ અને પ્રતિવાદી નં.૪,૫ સિવાય અન્ય વારસો ન હોઈ સ્વ.વિરચંદભાઈ મેઠાભાઈનાઓનુ નામ કમી કરાવવા સારૂ ગામ રેકર્ડે તા.૧૪/૬/૨૦૨૨ ના રોજ નોંધ નં.૨૭૧૬ ની દાખલ કરાવેલ અને આમ, પ્રતિવાદીઓ વડીલો પાર્જીત મિલકતની રૂઈએ કુલ સ્વતંત્ર માલિકી હકકે પ્રત્યક્ષ કબજો ભોગવટો ધરાવી ખેતી કરી ઉપજ લેતા આવેલ છીએ અને લઈએ છીએ. વાદીઓએ કે તેમના વડવાઓએ આજદિન સુધી દાવાવાળી વાદગ્રસ્ત ખેતીલાયક જમીનમાં કયારે પણ પ્રત્યક્ષ કબજો ભોગવટો ધરાવેલ ન હતો કે નથી અને વાદીઓના જણાવ્યા પ્રમાણે પ્રતિવાદી નં.૧ થી ૫ ના વડીલ તે ભાંભી મેઠાભાઈ વેચાતભાઈનાઓએ કયારેય પણ

દાવાવાળી વાદગ્રસ્ત ખેતીલાયક જમીન વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈ રીતે તબદીલ કરેલ ન હતી અને તા. ૧૩/૦૪/૧૯૬૦ ના રોજ કહેવાતો કોઈ જ વેચાણ કરાર વાદીઓના વડીલ શકરાભાઈ કોદરભાઈ કે દલાભાઈ શકરાભાઈ નાઓની તરફેણમાં કરી આપેલ ન હતો અને પ્રતિવાદી નં.૧ થી ૫ ના વડીલ ભાંભી મેઠાભાઈ વેચાતભાઈનાઓના ખોટા અંગુઠા કરી ખોટા કરાર ઉભા કરેલ છે.

(૨.૧) વધુમાં જણાવે છે કે, આ કામના વાદીઓ કે તેઓના વડીલ ભાંભી શકરભાઈ કોદરભાઈ કે દલાભાઈ શકરાભાઈ નાઓ હયાત રહયા ત્યાં સુધી વાદગ્રસ્ત કરાર બાબતે કોઈ જ હકીકત જણાવેલ ન હતી. જો કહેવાતો કરાર પ્રતિવાદી નં.૧ થી ૫ ના વડીલ ભાંભી મેઠાભાઈ વેચાતભાઈ નાઓએ કરી આપેલ હોત તો વાદીઓ કે તેઓના વડીલ ભાંભી શકરાભાઈ કોદરભાઈ અને દલાભાઈ શકરાભાઈ તથા શકરાભાઈના કોદરભાઈ ના વારસો આજદિન સુધી ચુપ બેસી રહેતા નહી. વધુમાં, સદરહુ ખોટા અંગુઠા કરી ઉભા કરેલ વેચાણ કરારનો દુરઉપયોગ કરવા સારૂ પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓએ સામાજિક પ્રસંગો આવતા હોય, દબાણમાં લાવી અમારા દિકરા–દિકરીઓના સંબંધો તોડી નખાવવા સારૂ અન્ય ઈસમો ધ્વારા દબાણ લાવી પ્રતિવાદી નં.૧ થી ૫ ના પાસે સમજુતી કરાર અમારી મરજી વિરુધ્ધ ૫૦%/૫૦% પ્રમાણે કરાવી દીધેલ. પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓએ સમાજમાં અમારી માનહાની ન થાય અને વાદીઓ અમારા દિકરી–દિકરાઓના સગપણમાં ભંગાણ ન પડાવે તેવા શુભ આશયથી પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓએ અમારી સદરહુ દાવાવાળી વાદગ્રસ્ત ખેતીલાયક જમીનનો અડધો હિસ્સો છોડી દેવા તૈયાર થયેલ અને વાદીઓના દબાણને વશ થઈ તા.૮/૦૬/૨૦૨૨ ના રોજ વાળો વાદગ્રસ્ત કરાર પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓએ અમારી મરજી વિરુધ્ધ વાદીઓના તરફેણમાં કરી આપેલ અને આ વાદીઓની તમામ હરકતની જાણ અમારા કુટુંબના માણસો અને સગાસંબંધી ઓને થતાં અમારા કુટુંબના માણસો અને સગા સંબંધીઓએ પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓને જણાવેલ કે, વાદીઓ અને પ્રતિવાદી નં.૧ થી ૫ વચ્ચે થયેલ તા.૮/૬/૨૨ ના રોજના કરાર અન્વયે અડધા હિસ્સાની જમીનો વેચાણ દસ્તાવેજ વાદીઓની તરફેણમાં કરી આપો જેથી પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓ તે મુજબ તૈયાર થયેલા પરંતુ વાદીઓએ કુટુંબના માણસો અને સમાજના માણસોની વાતની પણ અવગણના કરી પ્રતિવાદી નં.૧ થી ૫ ના પ્રસંગોમાં વાદીઓ હાજર રહેવાની ના પાડી દીધેલ અને પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓ અમારા પ્રસંગોની તૈયારીમાં

અને સામાજીક વ્યવહારોમાં વ્યસ્થ હતા તે દરમ્યાન વાદીઓએ તદ્દન ખોટી હકીકતો જણાવી દાવો દાખલ કરવાનો કોઈ જ કારણ ઉપસ્થિત થયેલ ન હોવા છતાં ખેતી હકીકતો જણાવી વાદીઓએ સાચી હકીકતો નામદાર કોર્ટથી છુપાવી નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરી વાદીઓએ હાલની આ ખોટી અરજી કરેલ છે. જેથી વાદીઓની મનાઈ અરજી રદ થવાને પાત્ર છે અને અરજીમાં જણાવેલ માંગ્યા મુજબની કોઈ જ દાદ માંગવા કે મેળવવા હકકદાર કે મુખત્યાર ન હોવાનુ જણાવેલ છે.

(૩) સદર કામના પ્રતિવાદી નં.૬ થી ૧૧ નાઓને દાવા સમન્સની બજવણી થતાં પ્રતિવાદી નં.૬ થી ૧૧ નાઓ તેમના વિ.વ.શ્રી મારફત હાજર થયેલ છે અને આંક–૧૭ થી વાદીઓની આંક–૫ વાળી અરજીનો જવાબ રજુ કરેલ છે. જેમાં મુખ્યત્વે અરજીમાં જણાવેલ પેરા વાઈસ મુજબની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને પ્રતિવાદીઓ સામે વાદીઓને આવી કોઈ અરજી કરવાની અધિકાર નથી તેમજ અરજી સાચી નથી અને રદ થવા પાત્ર થવાનુ જણાવેલ છે અને સત્ય હકીકત જણાવે છે કે, મોજે વાંસડોલ તા.ઈડરની સીમના સર્વે નં.૨૭૪ કે જેનો એકત્રીકરણ પછીનો સર્વે/બ્લોક નં.૨૨૧ કે જેનો હાલનો રીસર્વે પછીનો સર્વે/બ્લોક નં.૧૨૬ ની ૦–૭૫–૧૧ હે.આરે.ચો.મી. ખેતીલાયક જમીન કે જે માલિકી હકકના કબજા આધારેની તા. ૧૨/૦૨/૧૯૫૬ ના રોજની નોંધ નં.૫૩ થી પ્રતિવાદી નં.૬ થી ૧૧ ના વડીલ ભાંભી મેઠાભાઈ વેચાતભાઈનાઓનું નામ દાખલ કરવામાં આવેલ અને ત્યારથી પ્રતિવાદી નં.૬ થી ૧૧ ના વડીલ તેમાં કુલ સ્વતંત્ર માલિકી હકકે પ્રત્યક્ષ કબજો ભોગવટો ધરાવી ખેતી કરી ઉપજ લેતાં આવેલ અને ત્યારબાદ પ્રતિવાદી નં.૬ થી ૧૧ ના વડીલ ભાંભી મેઠાભાઈ વેચાતભાઈનાઓનું તા. ૭/૪/૭૯ ના રોજ અવસાન થતાં તેઓની વારસાઈ કરાવવા સારૂ ગામ રેકર્ડે તા. ૧૦/૧/૮૨ ના રોજ વારસાઈ હકકની નોંધ નં.૬૪૫ થી તેઓના સીધીના વારસદારો તરીકે પ્રતિવાદી નં.૧ તથા અમારા દાદી કંકુબેન તથા અમારા કાકા વિચરંચદભાઈ તથા અમારી ફોઈ અળખીબેન અને શાંતાબેન નાઓનું નામ સીધી લીટીના વારસદાર તરીકે દાખલ કરવામાં આવેલ તેમજ પ્રતિવાદી નં.૬ થી ૧૧ ના દાદી કંકુબેન તથા અમારી ફોઈ અળખીબેન તથા શાંતાબેન નાઓએ તેઓનો હકક સ્વેચ્છાએ જતો કરેલ હોઈ ગામે રેકર્ડે તા.૧૦/૧/૮૨ ના રોજ હકક કમી કરવા બાબતેની નોંધ નં.૬૪૬ થી તેઓના નામ કમી કરવામાં આવેલ અને ત્યારથી પ્રતિવાદી નં.૬ થી ૧૧ ના પિતાશ્રી તથા અમારા કાકા વિરચંદભાઈ નાઓ વડીલોપાર્જીત

મિલકતની રૂઈએ સંયુકત કબજો ભોગવટો ધરાવી ખેતી કરી ઉપજ લેતા આવેલ છે. પ્રતિવાદી નં. ૬થી ૧૧ ના કાકા સ્વ.વિરચંદભાઈ મેઠાભાઈ પરમાર નાઓએ તેઓની હયાતી દરમ્યાન પ્રતિવાદી નં.૨,૪ અને ૫ નાઓનુ નામ તા.૧૬/૫/૧૩ ના રોજ હયાતીમાં હકક દાખલની નોંધ નં.૧૮૬૭ થી દાખલ કરાવેલ. પ્રતિવાદી નં.૬ થી ૧૧ ના પિતાશ્રીએ સીધી લીટીના વારસો તે પ્રતિવાદી નં.૩ અને પ્રતિવાદી નં.૬ થી ૧૧ ના નામો અમારી હયાતીમાં દાખલ કરાવવા સારૂ ગામ રેકર્ડે તા.૧૪/૬/૧૩ ના રોજ હયાતીમાં હકક દાખલની નોંધ નં.૨૨૬૫ ની દાખલ કરાવેલ. આમ, ત્યારથી પ્રતિવાદી નં.૧ થી ૫ તથા પ્રતિવાદી નં.૬ થી ૧૧ નાઓ વડીલોપાર્જીત મિલકતની રૂઈએ કુલ સ્વતંત્ર માલિકી હકકે પ્રત્યક્ષ કબજો ભોગવટો ધરાવી ખેતી કરી ઉપજ લેતા આવેલ છે. વાદીઓએ કે તેમના વડવાઓએ આજદિન સુધી દાવાવાળી વાદગ્રસ્ત ખેતીલાયક જમીનમાં કયારેય પણ પ્રત્યક્ષ કબજો ભોગવટો ધરાવેલ ન હતો અને વાદીઓના જણાવ્યા મુજબ પ્રતિવાદી નં.૬ થી ૧૧ ના વડીલ ભાંભી મેઠાભાઈ વેચાતભાઈનાઓએ કયારેય પણ દાવાવાળી વાદગ્રસ્ત ખેતીલાયક જમીન વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈપણ રીતે તબદીલ કરેલ ન હતી અને તા.૧૩/૪/૧૯૬૦ ના રોજ કહેવાતો કોઈ જ વેચાણ કરા વાદીઓના વડીલ શકરાભાઈ કોદરભાઈ કે દલાભાઈ શકરાભાઈનાઓની તરફેણમાં કરી આપેલ ન હતો. પ્રતિવાદી નં.૬ થી ૧૧ ના વડીલ ભાંભી મેઠાભાઈ વેચાતભાઈનાઓના ખોટા અંગુઠા કરી ખોટા કરાર ઉભા કરેલ છે. આ કામના વાદીઓએ ખોટો કરાર ઉભો કરી પ્રતિવાદી નં.૬ થી ૧૧ ના વિરુધ્ધ હાલનો ખોટી અરજી કરેલ છે. કહેવાતા વેચાણ કરાર પ્રતિવાદી નં.૬ થી ૧૧ ના વડીલ ભાંભી મેઠાભાઈ વેચાતભાઈ નાઓએ તા.૧૩/૪/૧૯૬૦ ના રોજ કરી આપેલ હોત તો પ્રતિવાદી નં.૬ થી ૧૧ ના વડીલ ભાંભી મેઠાભાઈ વેચાતભાઈ નાઓનો તા.૭/૪/૭૯ ના રોજ અવસાન થયેલ અને તેઓની વારસાઈ અંગેની તા.૧૦/૧/૮૨ ના રોજની નોંધ નં.૬૪૫ ની દાખલ કરવામાં આવેલ તો વાદીઓ ધ્વારા તે સમય દરમ્યાન પણ કહેવાતા વેચાણ કરારના પાલન માટે કાર્યવાહી કરી શકેલ હોત પરંતુ વાદીઓએ આ બાબતે કોઈ જ કાર્યવાહી કરેલ નથી. વધુમાં, સદરહુ વાદગ્રસ્ત કરાર જોવામાં આવે તો લખાવી લેનાર ભાંભી શકરા કોદરા દર્શાવેલ છે અને વાદીઓ ધ્વારા તેઓની અરજીમાં શકરા કોદર ભાંભીના વારસદારો અંગેની વિગતો દર્શાવેલ છે. જેમાં કુલ ૧૫ વારસો દર્શાવેલ છે. જેમાંથી ઘણા વારસો મરણ પામેલ છે. તેઓના વારસદારો અંગે પણ કોઈ જ સાચી હકીકત રેકર્ડ ઉપર દર્શાવેલ નથી.

(૩.૧) વધુમાં જણાવે છે કે, પ્રતિવાદી નં.૬ થી ૧૧ નાઓએ વાદીઓ સાથે કે અન્ય કોઈપણ ઈસમ સાથે કોઈપણ પ્રકારનો સમજુતી કરાર કરેલ નથી. દાવાવાળી વાદગ્રસ્ત ખેતીલાયક જમીન પ્રતિવાદી નં.૬ થી ૧૧ નાઓની વડીલોપાર્જીત મિલકત આવેલી છે અને તેમાં તેઓનો કાયદેસરનો હકક, હિત, હિસ્સો સમાયેલો છે. આ કામના વાદીઓએ પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓને સામાજિક રીતે દબાણમાં લાવી સામાજિક પ્રસંગોમાં અડચણો ઉભી કરી પ્રતિવાદી નં. ૬ થી ૧૧ ના સંબંધો તોડી નખાવવા વિગેરે સારૂ દબાણ લાવી પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓ પાસે તેઓની મરજી વિરુધ્ધ દાવાવાળી વાદગ્રસ્ત મિલકતના ૫૦%/૫૦% પ્રમાણે કરાવવા દબાણ લાવી સમાજમાં માનહાની ન થાય અને પ્રતિવાદી નં.૬ થી ૧૧ ના સંબંધો વેરવિખેર ન થાય તે સારૂ પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓએ પ્રતિવાદી નં.૬ થી ૧૧ ના સગપણનું બલિદાન આપવુ પડે તે સારૂ વાદીઓના દબાણને વશ થઈ તા.૮/૬/૨૨ ના રોજ સમજુતી કરાર કરાવી દીધેલ. સદરહું તા.૮/૬/૨૨ ના રોજના સમજુતી કરાર તથા તા.૧૭/૪/૬૦ ના રોજના વાદગ્રસ્ત વેચાણ કરાર બાબતે જાણકારી ન હતી પરંતુ વાદીઓએ હાલનો દાવો નામદાર કોર્ટમાં દાખલ કર્યા બાદ બજવણી થતાં પ્રતિવાદી નં.૬ થી ૧૧ નાઓને થયેલ છે. જે તા.૧૭/૪/૬૦ ના રોજનો વાદગ્રસ્ત વેચાણ કરાર તથા તા.૮/૬/૨૨ ના રોજ સમજુતી કરાર રદબાતલ ઠરાવવા સારૂ પ્રતિવાદી નં.૬ થી ૧૧ નાઓ જરૂરી કાર્યવાહી કરનાર છીએ. વાદીઓએ પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓએ દબાણમાં લાવી તા.૮/૬/૨૨ ના રોજનો સમજુતી કરાર કરાવી દીધેલ તે બાબતે પણ પ્રતિવાદી નં.૬ થી ૧૧ નાઓને કોઈ જ જાણકારી ન હતી. વાદીઓએ તદ્દન ખોટી હકીકતો જણાવી વેચાણ કરાર ખોટો ઉભો કરી સામાજીક સંબંધો બાબતે દબાણ ઉભુ કરી તા.૮/૬/૨૨ ના રોજ પ્રતિવાદી નં.૧ થી ૫ ના પાસે ગેરકાયદેસરનો સમજુતી કરાર કરાવી લઈ ત્યારબાદ સદરહું ગેરકાયદેસર વેચાણ કરાર અને ગેરકાયદેસરના સમજુતી કરારનો આધાર લઈ હાલનો આ ખોટી અરજી કરેલ હોઈ વાદીઓનો સદર અરજી રદ થવાને પાત્ર હોવાનુ જણાવેલ છે. તેમજ વાદીઓનો હાલનો આ દાવો દાખલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી તેમજ વાદીઓનો કોઈ પ્રથમ દર્શનીય કેસ નથી કે સગવડ–અગવડનું ધોરણ પણ વાદીઓના લાભમાં નથી તેમજ વાદીઓને કોઈપણ પ્રકારનું નુકશાન જાય તેમ નથી. પ્રતિવાદી નં.૬ થી ૧૧ નાઓને પ્રથમ દર્શનીય કેસ છે, સગવડ–અગવડનું ધોરણ પણ પ્રતિવાદી નં.૬ થી ૧૧ ના લાભમાં છે અને જો વાદીઓને દાવાવાળી વાદગ્રસ્ત ખેતીલાયક જમીન બાબતે માંગ્યા

મુજબનો મનાઈ હુકમ આપવામાં આવે તો વાદીઓની કાયદેસરની વડીલોપાર્જીત મિલકત ઉપરનો અમારો કબજો, ભોગવટો છીનવાઈ જાય તેમજ અમારી આજીવિકાનું સાધન ઝુંટવાઈ જાય અને અમારા કુટુંબને અસહ્ય વેદનાઓ સહન કરવાનો વારો આવે તેમ છે અને નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવુ અસહ્ય નુકશાન જાય તેમ છે. જેથી વાદીઓની મનાઈ અરજી નામંજુર કરવા નમ્ર વિનંતી કરેલ છે.

(૪) સદર કામે પ્રતિવાદીઓ તરફે જવાબ રજુ થયા બાદ વાદીઓ તરફે આંક–૧૯ થી રીજોઈન્ડર ઈન એફીડેવીટ રજુ કરેલ છે અને તેમાં પ્રતિવાદીઓ તરફે રજુ જવાબની હકીકતો ઈન્કાર કરી પ્રતિવાદીઓએ ખોટો બચાવ રજુ કરેલ હોવાનુ જણાવેલ છે.

(૫) વાદીઓએ પોતાના અરજીના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજો રજુ કરેલા છે.

| અ.નં. | વિગત | માર્ક નં. |
|---|---|---|
| ૦૧. | રૂા.૧/– ના સ્ટેમ્પ પેપર ઉપર કરેલ તા.૧૩/૪/૬૦ ના રોજનો વેચાણ કરારની ઝેરોક્ષ નકલ | ૩/૧ |
| ૦૨. | રૂા.૩૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર કરેલ સમજુતી કરારની ઝેરોક્ષ નકલ. | ૩/૨ |
| ૦૩. | મોજે વાંસડોલની સીમમાં આવેલ જુનો સર્વે નં.૨૭૪ ના સને–૧૯૭૧ થી ૧૯૭૭ સુધીના જુના ૭ ની ઝેરોક્ષ નકલ. | ૩/૩ |
| ૦૪. | મોજે વાંસડોલની સીમમાં આવેલ જુનો સર્વે નં.૨૭૪ ના સને–૧૯૭૭ થી ૧૯૭૮ સુધીના જુના ૭ ની ઝેરોક્ષ નકલ. | ૩/૪ |
| ૦૫. | મોજે વાંસડોલની સીમમાં આવેલ જુનો સર્વે નં.૨૨૧ ના સને–૧૯૮૫ થી ૧૯૯૫ સુધીના જુના ૭ ની ઝેરોક્ષ નકલ. | ૩/૫ |
| ૦૬. | મોજે વાંસડોલની સીમમાં આવેલ જુનો સર્વે નં.૨૨૧ ના સને–૧૯૯૫ થી ૧૯૯૮ સુધીના જુના ૭ ની ઝેરોક્ષ નકલ. | ૩/૬ |
| ૦૭. | મોજે વાંસડોલની સીમમાં આવેલ જુનો સર્વે નં.૨૨૧ ના સને–૧૯૮૫ થી ૧૯૯૬ સુધીના જુના ૭ ની ઝેરોક્ષ નકલ. | ૩/૭ |
| ૦૮. | મોજે વાંસડોલની સીમમાં આવેલ જુનો સર્વે નં.૨૨૧ ના સને–૧૯૯૫ થી ૨૦૦૫ સુધીના જુના ૭ ની ઝેરોક્ષ નકલ. | ૩/૮ |
| ૦૯. | મોજે વાંસડોલની સીમમાં આવેલ જુનો સર્વે નં.૨૨૧ ના ખાતા નં.૧૫૪ ના ૮–અ ની ઝેરોક્ષ નકલ. | ૩/૯ |
| ૧૦. | મોજે વાંસડોલની સીમમાં આવેલ જુનો સર્વે નં.૨૨૧ ના ૧૨ ની ઝેરોક્ષ નકલ. | ૩/૧૦ |
| ૧૧. | મોજે વાંસડોલની સીમમાં આવેલ જુનો સર્વે નં.૨૨૧ ના ૭ ની ઝેરોક્ષ નકલ. | ૩/૧૧ |
| ૧૨. | મોજે ઉમેદપુરાની સીમમાં આવેલ ખાતા નં.૨૧૪ ના ૮–અ ની ઝેરોક્ષ નકલ. | ૩/૧૨ |
| ૧૩. | મોજે ઉમેદપુરાની સીમમાં આવેલ સર્વે નંબર નં.૭૦૨ ના ૧૨ ની ઝેરોક્ષ નકલ. | ૩/૧૩ |
| ૧૪. | મોજે ઉમેદપુરાની સીમમાં આવેલ સર્વે નંબર નં.૭૦૨ ના ૭ ની ઝેરોક્ષ નકલ. | ૩/૧૪ |

| | | |
|---|---|---|
| ૧૫. | મોજે ઉમેદપુરાની સીમમાં આવેલ સર્વે નંબર નં.૭૦૩ ના ૭ ની ઝેરોક્ષ નકલ. | ૩/૧૫ |
| ૧૬. | મોજે ઉમેદપુરાની સીમમાં આવેલ સર્વે નંબર નં.૭૦૫ના ૧૨ ની ઝેરોક્ષ નકલ. | ૩/૧૬ |
| ૧૭. | મોજે વડાલીની સીમમાં આવેલ ખાતા નં.૧૨૬૫ ના ૮–અ ની નકલ | ૩/૧૭ |
| ૧૮. | મોજે વડાલી સીમમાં આવેલ સર્વે નં.૩૩૪ ના ૭/૧૨ ની નકલ. | ૩/૧૮ |

(૬) પ્રતિવાદી નં.૧ થી ૫ નાએ અરજીના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજો રજુ કરેલા છે.

| અ.નં. | વિગત | માર્ક નં. |
|---|---|---|
| ૧. | મોજે વાંસડોલના ગામ નમુના નં.૬ ના હકકપત્રકની નોંધ નં.૫૩ ની નકલ | ૧૫/૧ |
| ૨. | મોજે વાંસડોલના ગામ નમુના નં.૬ ના હકકપત્રકની નોંધ નં.૧૧૭ ની નકલ | ૧૫/૨ |
| ૩. | મોજે વાંસડોલના ગામ નમુના નં.૬ ના હકકપત્રકની નોંધ નં.૨૪૧ ની નકલ | ૧૫/૩ |
| ૪. | મોજે વાંસડોલના ગામ નમુના નં.૬ ના હકકપત્રકની નોંધ નં.૬૪૫ ની નકલ | ૧૫/૪ |
| ૫. | મોજે વાંસડોલના ગામ નમુના નં.૬ ના હકકપત્રકની નોંધ નં.૬૪૬ ની નકલ | ૧૫/૫ |
| ૬. | મોજે વાંસડોલના ગામ નમુના નં.૬ ના હકકપત્રકની નોંધ નં.૯૦૮ ની નકલ | ૧૫/૬ |
| ૭. | મોજે વાંસડોલના ગામ નમુના નં.૬ના હકકપત્રકની નોંધ નં.૧૦૬૬ની નકલ | ૧૫/૭ |
| ૮. | મોજે વાંસડોલના ગામ નમુના નં.૬ ના હકકપત્રકની નોંધ નં.૧૧૫૭ ની નકલ | ૧૫/૮ |
| ૯. | મોજે વાંસડોલના ગામ નમુના નં.૬ ના હકકપત્રકની નોંધ નં.૧૫૪૮ ની નકલ | ૧૫/૯ |
| ૧૦. | મોજે વાંસડોલના ગામ નમુના નં.૬ ના હકકપત્રકની નોંધ નં.૧૮૧૮ ની નકલ | ૧૫/૧૦ |
| ૧૧. | મોજે વાંસડોલના ગામ નમુના નં.૬ ના હકકપત્રકની નોંધ નં.૧૮૬૭ ની નકલ | ૧૫/૧૧ |
| ૧૨. | મોજે વાંસડોલના ગામ નમુના નં.૬ ના હકકપત્રકની નોંધ નં.૧૮૯૧ ની નકલ | ૧૫/૧૨ |
| ૧૩. | મોજે વાંસડોલના ગામ નમુના નં.૬ ના હકકપત્રકની નોંધ નં.૧૯૯૫ ની નકલ | ૧૫/૧૩ |
| ૧૪. | મોજે વાંસડોલના ગામ નમુના નં.૬ ના હકકપત્રકની નોંધ નં.૨૨૬૩ ની નકલ | ૧૫/૧૪ |
| ૧૫. | મોજે વાંસડોલના ગામ નમુના નં.૬ ના હકકપત્રકની નોંધ નં.૨૨૬૫ ની નકલ | ૧૫/૧૫ |
| ૧૬. | મોજે વાંસડોલના ગામ નમુના નં.૬ ના હકકપત્રકની નોંધ નં.૨૭૧૬ ની નકલ | ૧૫/૧૬ |
| ૧૭. | મોજે વાંસડોલના ગામ નમુના નં.૮(અ) ના ખાતા નં.૧૫૪ નો ઉતારો | ૧૫/૧૭ |
| ૧૮. | મોજે વાંસડોલના ગામ નમુના નં.૭ ના સર્વે નં.૧૨૬ નો ઉતારો | ૧૫/૧૮ |
| ૧૯. | મોજે વાંસડોલના ગામ નમુના નં.૧૨ ના સર્વે નં.૧૨૬ નો ઉતારો | ૧૫/૧૯ |
| ૨૦. | પ્રતિવાદી નં.૬ ના પત્નીના શ્રીમંતની આમંત્રણ પત્રિકા | ૧૫/૨૦ |
| ૨૧. | પ્રતિવાદી નં.૭ ના લગ્નની આમંત્રણ પત્રિકા | ૧૫/૨૧ |

(૭) આ કામના વાદીઓ તેમજ પ્રતિવાદીઓના વિ.વ.શ્રીની મૌખિક દલીલ સાંભળવામાં આવેલ છે.

(૮) આ અરજીના મારા નિર્ણય અને નિકાલ અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

:: મુદ્દાઓ ::

(૧) શું વાદી પુરવાર કરે છે કે, તેઓને પ્રથમદર્શનીય કેસ છે?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, સગવડતા–અગવડતાની સમતુલા તેઓની તરફેણમાં છે?

(૩) શું વાદી પુરવાર કરે છે કે, જો તેના માંગ્યા મુજબનો કામચલાઉ મનાઈ હુકમ આપવામાં ન આવે તો તેને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થવા સંભવ છે?

(૪) શું હુકમ?

(૯) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે?

(૧) અંશત: હકારમાં,

(૨) અંશત: હકારમાં,

(૩) અંશત: હકારમાં,

(૪) આખરી હુકમ મુજબ.

(૧૦) ઉપરોકત નિર્ણયોના કારણો મારા અભિપ્રાય પ્રમાણે નીચે મુજબ છે.

:: કારણો ::

મુદ્દા નંબર : ૧ થી ૩ ની ચર્ચા :–

(૧૧) આ કામે તમામ મુધ્દાઓ હકીકતથી પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય, આ તમામ મુદ્દાઓની ચર્ચા અહીં સંયુકત રીતે કરવામાં આવેલી છે અને આ કામના વાદીઓ હાલની અરજીની દાદમાં જણાવેલ છે કે, સદરહું ખેતીલાયક જમીન સદર કામના પ્રતિવાદીઓ દાવાના આખરી નિર્ણય સુધી કોઈ અન્ય ઈસમ કે સંસ્થાને વેચાણ, બક્ષીસ, ગીરો કે કોઈ અન્ય રીતે તબદીલ કરે કરાવે નહી તેમજ દાવાના આખરી નિર્ણય સુધી સદર કામના પ્રતિવાદીઓ તેવી ખેતીલાયક જમીન ઉપર કોઈ બોજો ઉત્પન્ન કરે કરાવે નહી તેમજ વાદીઓના સંયુકત કબજા ભોગવટામાં કોઈ અંતરાય કે અવરોધ ઉભો કરે કરાવે નહી તેવો વાદીઓના લાભમાં કામચલાઉ મનાઈ હુકમ ફરમાવવાનુ જણાવેલ છે.

તેમજ આ કામના વાદીએ હાલની અરજીના અનુસંધાને માર્ક–૩/૧ થી ૩/૧૮ સુધીના તેમજ પ્રતિવાદી નં.૧ થી ૫ તરફે માર્ક–૧૫/૧ થી ૧૫/૨૧ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. જે દસ્તાવેજી પુરાવાની પ્રાઈમા ફેઈસી હકીકત ધ્યાને લેવામાં આવે છે.

વધુમાં, વાદીઓ તરફે રજુ કરેલ માર્ક–૩/૧ થી રૂા.૦૧/– ના સ્ટેમ્પ પેપર ઉપર કરેલ તા.૧ ૩/૪/૬૦ ના વેચાણ કરારની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. તેમજ માર્ક– ૩/૨ થી રૂા.૩૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર કરેલ સમજુતી કરારની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. જેમાં લખી આપનાર તરીકે પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓના નામ તેમજ લખાવી લેનાર તરીકે વાદી નં.૧, ૨ ના નામ તેમજ દાવાવાળી મિલકતની હકીકત તેમજ પ્રતિવાદી નં.૧ થી ૫ અને વાદી નં. ૧,૨ ની સહી અને અંગુઠા નુ નિશાન છે. જે હકીકત ધ્યાને રાખતાં દાવાવાળી મિલકત બાબબે પ્રતિવાદી નં.૧ થી ૫ અને વાદીઓ વચ્ચે સમજુતી કરાર થયેલ હોવાનુ પ્રાઈમા ફેઈસી રીતે જણાઈ આવે છે. પરંતુ માર્ક–૩/૧ અને ૩/૨ વાળા દસ્તાવેજી આધારોની લીગલીટી તેમજ કન્ટેન્ટ બાબતનો નિર્ણય પુરાવો લીધા સિવાય હાલના તબકકે નકકી થઈ શકે તેમ નથી. પરંતુ, માર્ક–૩/૧ અને ૩/૨ વાળા દસ્તાવેજી પુરાવાઓની પ્રાઈમા ફેઈસી હકીકત ધ્યાને રાખતા દાવાવાળી મિલકતનો સમજુતી કરાર થયેલ હોવાનુ જણાઈ આવે છે. જેથી વાદીનો પ્રાઈમા ફેઈસી કેસ છે. તેમજ અગવડતા સગવડતાનુ પલ્લુ વાદીની તરફેણમાં હોવાનુ જણાઈ આવે છે અને જો દાવાવાળી મિલકત નુ હાલના દાવાના આખરી નિર્ણય થતા સુધી જો પ્રતિવાદીઓ ધ્વારા વેચાણ, બક્ષીસ, ગીરો કે અન્ય રીતે તબદીલ કરવામાં આવશે અને બોજો ઉત્પન્ન કરવામાં આવશે તો મલ્ટીપ્લસીટી ઓફ  શયુટ થવાની સંભાવના નકારી શકાય તેમ નથી. તે મુજબ વાદીને નાણામા ભરપાઈ ન થાય તેવુ નુકશાન થવાની સંભાવના પણ બની શકે છે. પરંતુ, વાદીની દાદ મુજબ તેમજ વાદી તેમજ પ્રતિવાદી નં. ૧ થી ૫ તરફે રજુ કરેલ તમામ દસ્તાવેજી પુરાવાની હકીકત જોતા, દાવાવાળી મિલકત ઉપર વાદીઓનો  સંયુકત કબજો ભોગવટો હોવાની હકીકત કોઈ પણ રેવન્યુ દસ્તાવેજી આધાર જોતા જણાઈ આવતી નથી. તેમજ વાદીઓની દાવાવાળી મિલકત ઉપર ના કબજા ભોગવટામાં  પ્રતિવાદીઓ અંતરાય અવરોધ ઉભો ના કરે તે મતલબની દાદ મંજુર કરવાપાત્ર જણાઈ આવતી ના હોઈ, તે મુજબ મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ અંશત: હકારમાં આપી, મુદ્દા નં.૪ ના પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આ કામના વાદીની સી.પી.સી. ઓર્ડર ૩૯,રૂલ ૧ અને કલમ ૧૫૧ મુજબ કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી અંશત: મંજુર કરવામા આવે છે.

(૨) આ કામના પ્રતિવાદીઓને હુકમ કરવામા આવે છે કે તેઓએ મોજે વાંસડોલ, તા.ઈડરના ખાતા નં.૧૫૪ કે જેનો સર્વે નં.૧૨૬ કે જેનો જુનો સર્વે નં.૨૭૪ અને ત્યારબાદ બ્લોક નં.૨૨૧ જેનુ હાલનુ કુલ ક્ષેત્રફળ ૦–૭૫–૧૧ હે.આ.ચો.મી. વાળી ખેતીલાયક જમીન નો હાલના દાવાના આખરી નિર્ણય થતા સુધી વેચાણ, બક્ષીસ, ગીરો કે અન્ય રીતે તબદીલ કરવી કરાવવી નહી.

(૩) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તા.૨૭ મી, માહે: ડીસેમ્બર, સને: ૨૦૨૪ નાં રોજ ખુલ્લી અદાલતમાં, વાંચી સંભળાવી, જાહેર કર્યો.

ઈડર
તા.૨૭/૧૨/૨૦૨૪

**(પ્રિયમ બાબુલાલ બોહરા)**
એડીશ્નલ સિવિલ જજ, ઈડર.
**JUDGE CODE NO.GJ01296.**